દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫

જેહાદીઓના નવા સરનામા તરીકે ઉભરી રહેલું બાંગ્લાદેશ

બાંગ્લાદેશમાં ઉસ્માન હાદીના મોત બાદ ભડકેલી હિંસા પર નિરાશ્રિત બાંગ્લાદેશી લેખિકા તસલીમા નસરીને પોતાની પ્રતિક્રિયા આપી છે. નસરીને હાદીને જેહાદી ગણાવતા બાંગ્લાદેશના જેહાદીસ્તાનમાં ફેરવાય જવાની વાત કહી છે. નસરીન પ્રમાણે, બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે, તે સામાન્ય નથી. કટ્ટરપંથી આખા દેશને સળગાવામાં લાગેલા છે. નસરીને પોતાના સોશયલ મીડિયા હેન્ડલ પર લખ્યું છે કે એક જેહાદીના મોત પર હજારો જેહાદી આખા બાંગ્લાદેશમાં ઉપદ્રવ મચાવી રહ્યા છે. જે મળી રહ્યું છે, તેની તોડફોડ કરી રહ્યા છે. આગચંપી કરી રહ્યા છે. સૌને રાખ બનાવી રહ્યા છે.

નસરીને આગળ લખ્યું છે કે હિંદુ યુવક દીપૂચંદ્ર દાસ એક જેહાદીના કારણે વૃક્ષ પર લટકાવીને સળગાવી દેવામાં આવ્યો, પરંતુ કોઈના હાથ કંપ્યા નહીં. કોઈને દુખ નથી. બધાં નારા લગાવી રહ્યા છે- નારા એ તકબીર અલ્લાહ ઓ અકબર. આ જેહાદીસ્તાનનો અસલી ચહેરો છે. ઉસ્માન હાદી ઇન્કલાબ મંચનો પ્રવક્તા હતો. બાંગ્લાદેશમાં જુલાઈ 2024ની બબાલમાં હાદીની મહત્વની ભૂમિકા હતી. આ બબાલને કારણે શેખ હસીનાની સત્તા જતી રહી. હાદી આગામી ચૂંટણીમાં ઢાકા-૮ થી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો હતો. તેની બેઠક પર ચૂંટણી પ્રચાર દરમિયાન 2 યુવકોએ તેને 7 દિવસ પહેલા ગોળી મારી હતી. બાંગ્લાદેશની સરકાર તરફથી ઢાકા અને સિંગાપુરમાં તેની સારવાર કરાવાઈ, પરંતુ તેનો જીવ બચી શક્યો નહીં. ગુરુવારે હાદીની હત્યાબાદ ઢાકા અને ચટગાંવ સહીત દેશના ઘણાં વિસ્તારોમાં હિંસક ઘટનાઓ જોવા મળી. ગુસ્સે ભરાયેલી ભીડે ઢાકામાં જ્યાં 2 મીડિયા હાઉસના કાર્યાલયો ફૂંકી માર્યા. તો ચટગાંવમાં ભારતના સહાયક દૂતાવાસ પર પણ હુમલો કરાયો. આ હિંસાથી રાજકીય પક્ષોએ ખુદને અલગ કરી લીધા છે. હાદી જે સંગઠન માટે કામ કરી રહ્યો હતો, તેનું કહેવું છે કે ઉપદ્રવી કોણ છે, તેની તેમને ખબર નથી. તો જમાત અને બીએનપી જેવી પાર્ટીઓએ પણ હિંસાથી પોતે દૂર હોવાનું જણાવી રહી છે. ઢાકા અને ચટગાંવના મોટાભાગના વિસ્તારોને સેનાએ પોતાના નિયંત્રણમાં લઈ લીધા છે. જ્યાં સુધી બાંગ્લાદેશના વડા પ્રધાન તરીકે શેખ હસીના હતા ત્યાં સુધી આ દેશમાં લોકશાહી જીવંત હતી. બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને મોતની સજા સંભળાવવામાં આવી છે. તેમને ઢાકાની ઇન્ટરનેશનલ ક્રાઇમ્સ ટ્રિબ્યુનલે 5માંથી બે કેસમાં (હત્યા માટે ઉશ્કેરણી કરવા અને હત્યાનો આદેશ આપવા બદલ) મોતની સજા આપી. ત્યાં જ, બાકીના કેસોમાં તેમને ઉમરકેદની સજા સંભળાવી છે ટ્રિબ્યુનલે શેખ હસીનાને જુલાઈ 2024ના વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હત્યાઓના માસ્ટરમાઇન્ડ ગણાવ્યા. ત્યાં જ બીજા આરોપી પૂર્વ ગૃહમંત્રી અસદુજ્જમાન ખાનને પણ 12 લોકોની હત્યાના દોષી માન્યા અને ફાંસીની સજા સંભળાવી હતી.

ત્રીજા આરોપી પૂર્વ આઈજીપી અબ્દુલ્લા અલ-મમૂનને 5 વર્ષની જેલની સજા સંભળાવી છે. મમૂન હિરાસતમાં છે અને સરકારી ગવાહ બની ચૂક્યા છે. કોર્ટે હસીના અને અસદુજ્જમાન કમાલની પ્રોપર્ટી જપ્ત કરવાનો આદેશ આપ્યો છે.

યુનુસ સરકારે હસીનાને ફાંસીની સજા પછી ભારત સરકારને અપીલ કરી છે કે શેખ હસીનાને તેમને સોંપી દેવામાં આવે. સરકારનું કહેવું છે કે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જે પ્રત્યાર્પણ સંધિ છે, તેના મુજબ આ ભારતની જવાબદારી બને છે કે તે પૂર્વ બાંગ્લાદેશી વડાપ્રધાનને બાંગ્લાદેશના હવાલે કરે.

બાંગ્લાદેશમાં ચૂંટણીની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભારે હિંસા શરૂ થઈ ગઈ છે. અપક્ષ ઉમેદવાર ઉસ્માન હાદીની હત્યા કરાતા અને હિન્દુ યુવકને માર મારીને સળગાવી દેવામાં આવતા દેશના અનેક વિસ્તારોમાં હિંસા, આગચંપી અને મોટાપાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. અહીં દેખાવકારો મીડિયા હાઉસ, સરકારી ઓફિસો, નેતાઓના નિવાસસ્થાનો સહિતના સ્થળો પર હુમલાઓ કરી આગ ચાંપી રહ્યા છે. ભયાનક હિંસાઓ શરૂ થયા બાદ બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે મહત્ત્વનું નિવેદન જાહેર કર્યું છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે મૈમનસિંગમાં એક હિન્દુ વ્યક્તિની ભીડ દ્વારા હત્યાની ઘટનાની આકરા શબ્દોમાં નિંદા કરતા સ્પષ્ટ કર્યું છે કે નવા બાંગ્લાદેશમાં આવી હિંસા માટે કોઈ સ્થાન નથી. સરકાર વતી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે આ જઘન્ય અપરાધના દોષિતોને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં. સત્તાવાળાઓએ તમામ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ અસામાજિક તત્વો દ્વારા ફેલાવવામાં આવતી અરાજકતા, આગજની અને સંપત્તિના નુકસાનનો સખત વિરોધ કરે, જેથી દેશમાં લોકશાહીના પરિવર્તનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ન આવે. જો કે મોહંમદ યુનુસની વાત કરીએ તો તે અત્યાર સુધીનાં દક્ષિણ એશિયાના દેશોના રહી ચૂકેલા મહિલા વડાપ્રધાન કરતાં પણ નબળા છે. તે પાકિસ્તાનની કઠપૂતળી છે તેમ કહીએ તો જરા પણ ખોટું નથી. આવા નબળા અને નમાલા નેતાના કારણે બાંગ્લાદેશની ચાવી ફરીથી પાકિસ્તાનના હાથમાં આવી જાય તો નવાઇ નહીં કારણ કે, મોહંમદ યુનુસનો બાંગ્લાદેશ પર કંટ્રોલ જ નથી. છેલ્લા એક વર્ષથી દેશ સળગી રહ્યો છે પરંતુ તેઓ હાથ પર હાથ મૂકીને બેઠા છે.

કબૂતરનાં બચ્ચાં

એક ઘરની બાલ્કનીમાં કબૂતરીએ બે ઇંડાં મૂક્યાં. ઇંડાં મૂક્યા બાદ કબૂતરી ઇંડાંને છોડીને એક સેકન્ડ માટે પણ ઊડતી નહીં. દાદા તેને ઉડાડવાની કોશિશ કરતાં તો પણ ન ઊડતી. આજુબાજુથી ઊડીને કાગડા આવતાં તો પણ તે ડરતી નહિ. સામનો કરતી અને ઇંડાંને સાચવતી અને સેવતી.

કબૂતરીએ સતત ઇંડાં સેવ્યાં અને થોડા દિવસોમાં ઇંડાંમાંથી બચ્ચાં બહાર આવ્યાં. પીળાં પીળાં નાનકડાં, નાજુક. દાદી તો બચ્ચાં જોઇને ખુશ ખુશ થઈ ગયાં અને બધાંને તે બચ્ચાં દેખાડતાં. આ નાનકડાં બચ્ચાં ધીરે ધીરે મોટાં થવા લાગ્યાં. કબૂતરી તેમને સુરક્ષિત મૂકી કોઈ વસ્તુની આડાશમાં છુપાવી અને તેમના માટે ખાવાનું શોધવા જતી અને આવીને તેમને ચાંચમાં ભરેલું ખાવાનું ચાંચથી ખવડાવતી, બહુ જ ધ્યાન રાખતી, પોતાનાં બચ્ચાંઓને પોતાની પાંખમાં સાચવતી.

કબૂતરી ખાવાનું શોધવા જતી ત્યારે સાથી કબૂતર આવીને બચાવવાનું ધ્યાન રાખતો. ધીરે ધીરે બચ્ચાંઓ મોટાં થયાં અને ધીમે ધીમે કૂદકા મારવાનું, ચાલવાનું અને ઊડવાનું શીખવા લાગ્યાં. બચ્ચાંનાં શરીરમાં પીંછાં ભરાયાં અને કબૂતરી તેમને ઊડતાં શીખવવા લાગી. પોતે ઊડે અને બચ્ચાંને ચાંચ મારી મારીને ઊડવાનું કહે. બચ્ચાં હવે ઊડવાનું પણ શીખી ગયાં અને બસ થોડા દિવસોમાં કબૂતરી પોતાના રસ્તે.... બચ્ચાંઓને ઊડવાનું શીખવી તેમને પણ જીવન આકાશમાં ઊડતાં મૂકી અને આગળ ચાલી ગઈ. હવે તે આવતી નહિ અને બચ્ચાંઓ પણ થોડા દિવસમાં ઊડી ગયાં. દાદી થોડાં દુઃખી થઈ ગયાં. દાદાએ દાદીને કહ્યું, ''આ જોયું? આપણે કબૂતર કબૂતરી થવાની જરૂર હતી.'' દાદી બોલ્યાં, 'કેમ?' દાદાએ કહ્યું, ''આ કબૂતર કબૂતરીએ થોડા દિવસો બાળકો પર ખૂબ મમતા રાખી, પાંખોમાં સાચવ્યાં, ઊડતાં શીખવ્યું પણ પછી તેમને જીવન આકાશમાં ઊડવા માટે છોડી દીધાં અને પોતે પોતાના રસ્તે આગળ વધી ગયાં. આપણે અત્યારે જીવનના છેલ્લા શ્વાસ સુધી આપણાં બાળકો, એનાં બાળકો અને એનાં બાળકો સુધી પુત્ર-પુત્રી-પૌત્ર-પૌત્રીઓ પ્રપોત્ર -પ્રપૌત્રીઓની ચિંતામાં જ ડૂબેલાં છીએ. સાચે આ કબૂતર અને કબૂતરી બન્યાં હોત ને તો સારું હતું. બાળકોને જન્મ આપ્યો, જાળવ્યાં, ભણાવ્યાં, ગણાવ્યાં અને પછી તેમને તેમના જીવનમાં આગળ વધવા માટે એકલાં છોડી દેવાની જરૂર હતી. આપણે માણસો બુદ્ધિશાળી ગણાઈએ પણ અહીં જ ભૂલ કરીએ છીએ. મમતા છૂટતી નથી. મોહ છૂટતો નથી અને મોહ અને મમતાને કારણે અપેક્ષાઓ નિર્માણ થાય છે. એમાંથી મનદુઃખ થાય છે, ઝઘડા થાય છે. જો તેઓ આપણને જાળવે નહીં, આપણી પર ધ્યાન ન આપે તો આપણે દુઃખી થઈએ છીએ. તેઓ જીવનમાં દુઃખી થાય, સફળ ન થાય તો આપણને દુઃખ પહોંચે છે. આ બધું જ દુઃખ ન થાત. જો આપણે કબૂતર ને કબૂતરીની જેમ બાળકોને મોટાં થતાં જ છોડી દીધાં હોત. મોહ અને લાગણીવશ રહીએ તો પછી જીવનમાં દુઃખ થાય એના કરતાં કબૂતર અને કબૂતરીની જેમ જો બધું છોડીને ઊડી જઈએ તો જીવનમાં વધુ સુખી થઈએ.' દાદાએ મનની વાત દાદીને કહી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

અમેરિકામાં MAGA આંદોલન નિષ્ફળતા તરફ આગળ વધી રહ્યું છે?

ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦૧૬ના ચૂંટણી અભિયાનથી ઉદ્ભવેલું 'મેક અમેરિકા ગ્રેટ અગેઇન' (MAGA) આંદોલન અમેરિકન રાજનીતિનો એક વિશિષ્ટ અને વિવાદાસ્પદ અધ્યાય છે. આ આંદોલન રાષ્ટ્રવાદ, આર્થિક સુરક્ષાવાદ, લાગણીશીલ વિરોધ અને 'અમેરિકા ફર્સ્ટ'ના સિદ્ધાંત પર આધારિત છે, જેણે ટ્રમ્પને ૨૦૨૪માં બીજી વખત સત્તામાં લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી. પરંતુ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં, આંદોલનમાં આંતરિક વિભાજન, ટ્રમ્પની ઘટતી જતી લોકપ્રિયતા, નીતિગત નિષ્ફળતાઓ અને ૨૦૨૫ની ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટી (GOP)ને થયેલ નુકસાનથી આ આંદોલનની નબળાઈઓ છતી થઈ રહી છે. શું MAGA આંદોલન નિષ્ફળતા તરફ આગળ વધી રહ્યું છે?

MAGAનો ઉદય એક પોપ્યુલિસ્ટ વિપ્લવ હતો, જે વર્ગ-આધારિત અસંતોષ, વૈશ્વિકીકરણના વિરોધ અને સાંસ્કૃતિક ચિંતાઓને કેન્દ્રમાં રાખીને થયો. ૨૦૧૬માં, તેમણે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત વેપારી વર્ગને પડકાર્યો અને કાર્યકર વર્ગના સમર્થનથી જીત મેળવી. ૨૦૨૪માં, તેની મદદથી ટ્રમ્પે ફરીથી જીત મેળવી, પરંતુ સત્તા પર આવ્યા પછીના એક વર્ષમાં, આંદોલનની મર્યાદાઓ ઉજાગર થઈ. ન્યુયોર્ક ટાઇમ્સના વિશ્લેષણ અનુસાર, MAGAનો મુખ્ય આધાર એક વ્યક્તિ (ટ્રમ્પ) છે, જે તેને નબળું બનાવે છે.

ડિસેમ્બર ૨૦૨૫ સુધી, MAGA આંદોલનમાં વિભાજન સ્પષ્ટ જોઈ શકાય છે. ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ ૩૮%થી ૪૨% વચ્ચે છે, જે બાઇડનના સૌથી નીચા રેટિંગ કરતાં પણ ઓછું છે. સ્વતંત્ર મતદાતાઓ, વ્હાઇટ શિક્ષિત પુરુષો, જે ટ્રમ્પના સમર્થક રહ્યા છે તેમનામાં ટ્રમ્પની લોકપ્રિયતા ઘટી રહી છે. ૨૦૨૫ની ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીને જે નુકસાન થયું છે તે MAGAની કમજોરી ઉજાગર કરે છે. નવેમ્બર ૨૦૨૫માં, GOPએ કેટલીક મહત્ત્વની સીટો ગુમાવી, જેમાં MAGA-સમર્થિત ઉમેદવારોની હારનો સમાવેશ થાય છે.

વર્જિનિયાની ગવર્નર ચૂંટણીમાં ડેમોક્રેટ અબિગેઇલ સ્પાનબર્ગરે રિપબ્લિકન વિન્સમ ઈર્લ-સીઆર્સને ૧૫ પોઇન્ટથી હરાવ્યા, જે ૨૧મી સદીની GOPની સૌથી મોટી હાર છે. આ જ વર્જિનિયા જિલ્લામાં ૨૦૨૪માં ટ્રમ્પ ૨૨ પોઇન્ટથી જીત્યા હતા. ન્યુજર્સીમાં પણ ૧૩ પોઇન્ટની હાર થઈ અને જ્યોર્જિયાની પબ્લિક કમિશનર ચૂંટણીમાં ૨૫થી વધુ પોઇન્ટનો તફાવત આવ્યો.

MAGAમાં અંદરોઅંદરના મતભેદ સ્પષ્ટ છે. એપ્સ્ટાઇન કેસમાં ટ્રમ્પના સંબંધો પર વિશ્વાસઘાતના આક્ષેપો, H-1B વિઝા પ્રોગ્રામ પર વિવાદ (જેમાં ટ્રમ્પે વિઝાનું સમર્થન કર્યું, જે MAGAના ઇમિગ્રેશન વિરોધી વલણથી વિરુદ્ધ છે) અને ઇઝરાયલ-ગાઝા મુદ્દા પર તરફેણ અને વિરોધ કરનારા વચ્ચે તણાવ છે. પોલિટિકો પોલ અનુસાર, ૨૦૨૪ના ટ્રમ્પ મતદાતાઓમાંથી ૩૮% પોતાને MAGA કહેતા નથી અને તેઓ અર્થતંત્ર અને ટ્રમ્પની સત્તાના દુરુપયોગથી નારાજ છે.

MAGAની નિષ્ફળતાનાં મુખ્ય કારણો તેની માળખાકીય અને વ્યૂહાત્મક મર્યાદાઓમાં છે. પ્રથમ, તે એક જ વ્યક્તિ - ટ્રમ્પના વ્યક્તિત્વ પર આધારિત છે. તેનો આધાર 'લેફ્ટના વિરોધ' પર છે, નહીં કે સ્પષ્ટ વિઝન પર. અર્થતંત્ર મુદ્દે ટ્રમ્પની નિષ્ફળતા આંદોલનને નબળું પાડે છે. બીજું, જૂથમાં આંતરિક વિભાજન છે. એપ્સ્ટાઇન ફાઇલ્સના ઇશ્યુ પર, MAGA વોટર્સ ટ્રમ્પના સંબંધોને કારણે વિશ્વાસઘાત અનુભવે છે. H-1B વિઝાને ટ્રમ્પના સમર્થને MAGAના એક જૂથને નારાજ કર્યું છે. વિવેક રામસ્વામીને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીમાંથી H-1B મેરિટ-બેઝ્ડ સિસ્ટમને કારણે હટાવવામાં આવ્યા, જે MAGA અને ટેક-રાઇટ વચ્ચેના વિવાદને ઉજાગર કરે છે. ત્રીજું, નીતિગત નિષ્ફળતાઓ. ટ્રમ્પના ટેરિફ અને ઇમિગ્રેશન પોલિસીઓએ અર્થતંત્રને અસર કરી છે જેનાથી ૭૫% રિપબ્લિકન્સ પણ નારાજ છે. રિપબ્લિકન કોંગ્રેસમાં વિરોધ વધ્યો છે, જ્યાં GOP સભ્યો ટ્રમ્પની નીતિઓને પડકારે છે.

આ બધા વચ્ચે MAGAનું ભવિષ્ય અનિશ્ચિત છે, કેમ કે એ ટ્રમ્પ સાથે જોડાયેલું છે. ટ્રમ્પની આ છેલ્લી ટર્મ છે એટલે ટ્રમ્પ વગર MAGA શું હશે એ પ્રશ્ન છે. વ્યક્તિ-કેન્દ્રિત આંદોલનો અસ્થિર હોય છે.

નીતિઓ વાસ્તવિક સમસ્યાઓ હલ કરે તો જ સફળતા મળે. MAGAએ અમેરિકન રાજનીતિમાં પરિવર્તન કર્યું છે, પરંતુ તેની મર્યાદાઓ તેને તોડી રહી છે. ભવિષ્યમાં, તેનું પુનરુત્થાન શક્ય છે, પરંતુ અત્યારે તો MAGA આંદોલન નિષ્ફળતા તરફ આગળ વધી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

MAGAની નિષ્ફળતાનાં મુખ્ય કારણો તેની માળખાકીય અને વ્યૂહાત્મક મર્યાદાઓમાં છે. પ્રથમ, તે એક જ વ્યક્તિ - ટ્રમ્પના વ્યક્તિત્વ પર આધારિત છે. તેનો આધાર 'લેફ્ટના વિરોધ' પર છે, નહીં કે સ્પષ્ટ વિઝન પર. અર્થતંત્ર મુદ્દે ટ્રમ્પની નિષ્ફળતા આંદોલનને નબળું પાડે છે

અસીમ મુનિરને બે બાજુનું દુઃખ

નવા નવા હોદ્દાઓ અને ઇલકાબોથી ટૂંકા ગાળામાં અવારનવાર વિભૂષિત થઇ રહેલા પાકિસ્તાનના મૌલવી સેના પ્રમુખ અસીમ મુનીર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મોસ્ટ ડેકોરેટેડ શ્વાન બની ગયા છે. છેલ્લા છ મહિનામાં ત્રણ ત્રણ વખત અમેરિકા જઇ આવ્યા છે. બૈરાઓ અને છોકરાઓને પણ અમેરિકામાં સ્થાયીપણે ગોઠવી દીધાં છે. હમણાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝામાં શાંતિરક્ષક દળ તરીકે મુસ્લિમ દેશોની સેનાઓને તહેનાત કરવા માટેની તજવીજ કરી રહ્યા છે. તે યોજના મુજબ ગાઝામાં પાકિસ્તાનની સેના પણ ગોઠવવામાં આવે એવો ટ્રમ્પનો મજબૂત આગ્રહ છે. હવે ઇજરાયલ વતી શાંતિ જાળવવા માટે મુસ્લિમ પાકિસ્તાની સેના મુસ્લિમ ગાઝાના ફિલિસ્તાનીઓ પર ગોળીઓ ચલાવે, જોર જુલમ કરે અને યહૂદીઓને સલામતી પૂરી પાડે તે પાકિસ્તાનનાં મુસ્લિમોથી કેવી રીતે સહન થાય? યહૂદીઓ પ્રત્યે પાકિસ્તાનીઓને કેટલી નફરત છે તે દુનિયાએ હમણાં સિડનીમાં જોયું.

મુનીર પોતાની સેના ગાઝામાં મોકલે તો ઘર આંગણે પ્રચંડ વિરોધ થઇ શકે છે. જો કે આટઆટલાં વરસોમાં અનેક જુલમગારો પાકિસ્તાનની સત્તા પર જાતે આવીને બેસી ગયા. એક પણ દાખલો નથી કે પ્રજાએ સબળ વિરોધ નોંધાવ્યો હોય. તાનાશાહો જે અને જેટલાં વરસ સહન કરાવતાં ગયાં તે અને તેટલાં વરસ પ્રજાએ સહન કર્યું. મુનીર આમ તો પાકા બેશરમ છે. સફાચટ હારી ગયા છતાં પોતાને ફિલ્ડ માર્શલ જાહેર કર્યા. મુનીરને પ્રજાના બળવાની પડી નથી, કારણ કે પ્રજાએ ક્યારેય કરવાની નથી. શરમની પણ પડી નથી. પરંતુ અનેક મોરચે ઘેરાયેલા મુનીરને સૌથી વધુ સત્તાની પડી છે.

રખેને અન્ય ફૌજી અધિકારીઓ બળવો કરે અને સત્તા ગુમાવવી પડે તો. મુનીરના હાથ નીચે અધિકારીઓમાં અસંતોષ ભારેલા અગ્નિની માફક પડયો રાજકીય નેતાગીરી (મિરિયમ, નવાઝ, શાહબાઝ ભલે મુનીરના બટલરની માફક મુનીરની સેવામાં તહેનાત રહેતી હોય પણ આ ચાકરી તેઓ મજબૂરીથી કરે છે. કુલ સત્તામાં પાંચ-દસ ટકાનો હિસ્સો ટકાવી રાખવા માટે એક જ માર્ગ છે. માટે પાકિસ્તાનના લશ્કરની ત્રણેય પાંખના વડા, ચીફ ઓફ ધ ડિફેન્સ ફોર્સિસ, તરીકે બહાર લાવવાની વિધિમાં દિવસનું મોડું કરી નાખ્યું હતું. બહાર રાખે કે ન રાખે આખરે મુનીર એ જગ્યા પચાવી પાડવાના જ હતા તો પછી બેસીને દંડવત કરવામાં શો વાંધો છે? ઊભા ઊભા ભૂસકો થોડો મરાય છે?

આગળ લખ્યું એમ મુનીર માટે પણ દિવસો સારા નથી. ગાઝાના મુદ્દે નામદાર ટ્રમ્પને નમન કરવા ફરી વાર અમેરિકા જવાની તૈયારી કરી રહ્યા છે એ સમાચાર વિશ્વસનીય સમાચાર સંસ્થા રોઇટર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. ગાઝામાં ઇન્ટરનેશનલ શાંતિ સેનામાં પાકિસ્તાન મુસ્લિમ દેશ હોવાથી યોગદાન આપવાનું રહે છે. ગઇ દસ ઓકટોબરના રોજ શ્રીમાન ટ્રમ્પ દ્વારા સમજૂતી કરાવવામાં આવી ત્યારબાદ ગાઝામાં લાંબો સમય શાંતિ જળવાઈ રહે, શાંતિ યોજનાને હવે પછીના બીજા તબક્કામાં લઇ જઈ શકાય તે માટે મુસ્લિમ દેશોની ફોજો ત્યાં ગોઠવવામાં આવશે. જો કે પ્રથમ તબક્કો જ બટકણો પુરવાર થયો છે. ઇઝરાયલે સમજૂતી દેશોની ફોજો ત્યાં ગોઠવવામાં આવશે. ઇઝરાયલે સમજૂતી બાદ પણ હમાસના મુખ્ય વડાની અને બીજાઓની કતલ કરી નાખી છે. જગતને બતાવવા માટે ટ્રમ્પે ઇઝરાયેલી વડા પ્રધાન બેન્ઝામીન નેતાન્યાહૂને ઠપકો આપ્યો. શાંતિ કેટલા દિવસ ચાલશે તે નક્કી નથી.

પાકિસ્તાનમાં પ્રજા પૂર્ણપણે હમાસ અને ફિલિસ્તાનીઓની તરફેણ કરે છે. તેઓના પર જ પાકિસ્તાનની સેના ગોઠવાય તો પ્રજાનો આક્રોશ વધે. પ્રજા બળવો કરે. કદાચ પ્રથમ વખત. અત્યાર સુધી નથી કર્યો તેથી કરશે નહીં તેમ માની ન શકાય. બળવો ન કરે તો પણ તેઓની નારાજગી લશ્કરના અન્ય અધિકારીઓને મુનીર સામે બળવો પોકારવાની ચાનક ચડાવે. હવે જો મુનીર ટ્રમ્પનું નહીં માને તો મુનીર અને પાકિસ્તાન બન્નેનું આવી બને. ટ્રમ્પના પડખામાં ઘૂસીને મુનીરે ચીનને ગુસ્સે કર્યું જ છે. હવે જો ટ્રમ્પ પાલવ ખેસવી લે તો મુનીર મંડળી અનાથ બની જાય. બીજે ક્યાંય જવાની જગ્યા નથી રહી. ટ્રમ્પને ખુશ રાખવા ક્રિપ્ટોકરન્સીની લોભામણી તાસકની મુનીર ટ્રમ્પને નૈવેદ્ય ચડાવતા રહે છે. પરંતુ ક્રીપ્ટોકરન્સીથી કોઈ દેશનું અર્થતંત્ર સુધરતું હોય તો ટ્રમ્પે વેનેઝુએલા પર આક્રમણ કરવા ન જવું પડે. ઘર આંગણે બીટકોઇનની વ્યવસ્થા પચાવી પાડે. માટે ક્રિપ્ટોકરન્સી વડે પાકિસ્તાનનું ભવિષ્ય સુધરી જશે એવા ભ્રમમાં મુનીર ભલે રાખે. પણ ખુદ એવા ભ્રમમાં સમજદાર હશે તો નહીં હોય.

ગઇ 11 ડિસેમ્બરના ફિલ્ડ જનરલ કોર્ટ માર્શલ દ્વારા ઇન્ટરસર્વિસિઝ પબ્લિક ઇન્ટેલિજન્સના મુખિયા ફૈઝ હમીદને ચાર આરોપસર કસૂરવાર ઠરાવી, ચૌદ વરસની કેદ ફરમાવવામાં આવી. એક વિરોધીને મુનીરે આ રીતે બાજુએ રાખી દીધો. ધીરે ધીરે સત્તા પરની પકડ પણ મજબૂત કરી અને કેદમાં પૂરેલા ઇમરાન ખાનને પણ વિરોધ નહીં કરવાનો સંકેત આપી દેવાયો છે. ઇમરાન પાકિસ્તાનમાં મરિયમ કે મુનીર કરતાં ખૂબ વધુ લોકપ્રિય છે. કેટલા લોકપ્રિય છે તેનું માળ મુનીરે ઇમરાન વિશેની વાતોને રહસ્યમય રાખીને જાણી લીધું. જો ઇમરાન ખાન ખાસ લોકપ્રિય ના હોત તો એમને પણ સુપુર્દ એ ખાક કરી દીધા હોત. ફૈઝ હમીદને સજા કરીને મુનીરે એ સંદેશો પણ આપ્યો કે સેનાના ઉચ્ચ અધિકારીઓ સામે પણ નરમ વલણ અપનાવશે નહીં. હવે એ શકયતા રહે છે કે ઇમરાન ખાન સામે ખટલો ચલાવવામાં આવે અને તેમાં તાજના સાક્ષી તરીકે જુબાની આપવાની ફૈઝ હમીદને ફરજ પાડવામાં આવે. કારણ કે ફૈઝ અહમદની નિમણૂક ઇમરાન ખાને વડા પ્રધાન હતા ત્યારે કરી હતી. હાલમાં ઇમરાન ખાનને સોલિટરી કન્ફાઇનમેન્ટ અર્થાત્ કોઈને મળી કે જોઈ ન શકે એવી કોટડીમાં રાખ્યા છે. એમની પૂર્વ પત્ની જેમિમા ખાને એમ્સ પર એક ટ્વીટ મૂકીને ઇલોન મસ્કને ફરિયાદ કરી છે કે પુત્રોને પણ પિતા ઇમરાન ખાન લડત છોડવા માગતા નથી. પાકિસ્તાને તહરીકે ઇન્સાફ (પીટીઆઈ) પક્ષની એક 23 સભ્યોની એક સંયોજન સમિતિની રચના કરવામાં આવી છે. સેનાના અધિકારીઓ સાથે વાટાઘાટો વગેરેનું કામ આ સમિતિ કરે છે. સમિતિનાં હોદ્દેદારોને પોતપોતાના પ્રદેશમાં શાંતિ બહાર કરવાનું કામ મુનીરની સેના દ્વારા સોંપવામાં આવ્યું છે.

ગઇ દસ ડિસેમ્બરના રોજ ઇસ્લામાબાદ ખાતે નેશનલ ઉલેમા કોન્ફરન્સને અસીમ મુનીરે સંબોધી હતી જેમાં એમણે પાકિસ્તાનમાં એકતા સ્થાપવા માટે મદરેસાઓમાં જરૂરી શિક્ષણ આપવાની ધાર્મિક નેતાઓને અપીલ કરી હતી. મુનીર પોતે મદરેસામાં ભણેલા છે. ખૈબર પખતુનવા અને બલોચિસ્તાનમાં ત્રાસવાદની ઘટનાઓ ઘટી રહી છે તે બાબતમાં એમણે કહ્યું કે ઇસ્લામિક દેશમાં જિહાદ જગાડવાનો અધિકાર દેશની સત્તાને છે. અર્થાત્ મુનીર હવે પાકિસ્તાનમાં પાકિસ્તાનીઓ સામે કોઇ પણ કાર્યવાહી કરશે તે જેહાદ ગણાશે. એ કોન્ફરન્સમાં મદરેસા અને જેહાદ ગણાશે. એ કોન્ફરન્સમાં મદરેસા અને જેહાદ બાબતે ઘણા સભ્યોએ વિરોધનો સૂર ઊઠાવ્યો હતો. પરંતુ તે સાંભળ્યો, ન સાંભળ્યો કરીને મુનીર ત્યાંથી રવાના થઇ ગયા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

જો મુનીર ટ્રમ્પનું નહીં માને તો મુનીર અને પાકિસ્તાન બન્નેનું આવી બને. ટ્રમ્પના પડખામાં ઘૂસીને મુનીરે ચીનને ગુસ્સે કર્યું જ છે. હવે જો ટ્રમ્પ પાલવ ખેસવી લે તો મુનીર મંડળી અનાથ બની જાય. બીજે કયાંય જવાની જગ્યા નથી રહી

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આંકડાઓની માયાજાળ...

હમણાં દેશની જીડીપી આંક 8.2 દર્શાવવામાં આવ્યો છે. જો આ સાચું હોય તો ગૌરવ લેવા જેવી વાત છે. દેશની જીડીપી વધે એની અસર દેશના અર્થતંત્ર પર જે રીતે દેખાવી જોઈએ એ રીતે દેખાતી રહી નથી. મોદી સરકાર જે રીતે દેશમાં પોતાની વિશ્વસનીયતા ગુમાવી રહી છે એ જોતા હવે કોઈપણ પ્રગતિ કે વિકાસના આંક પર લોકોને ભરોસો રહ્યો નથી. વચ્ચે પાકિસ્તાન કરતાં ભારતમાં વધારે ભૂખમરો છે એવો અહેવાલ બહાર પડેલો, જેમ આવા અહેવાલ ગળે નથી ઉતરતા એમ અત્યારના જીડીપીના આંક પણ માથા ઉપરથી જાય છે. બેરોજગારી વધતી જાય છે, મોંઘવારીના કારણે લોકોની ખરીદશક્તિ ઘટી રહી છે. કમોસમે ખેતીની કમર તોડી નાખી છે, દિનપ્રતિદિન દેશને માથે દેવું વધતું જાય છે. દેશની 80 કરોડ જનસંખ્યા પાંચ કિલો રાશન પર નભતી હોય એવા સંજોગોમાં 8.2 નો જીડીપીના ગ્રોથ પર વિશ્વાસ બેસતો નથી... હમણાં જ ગુજરાતમાં માથાદીઠ આવક વધી એવા સમાચાર હતા. બીજી બાજુ ચિત્ર કંઈક અલગ જ કહી રહ્યું છે. ગુજરાતના ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગ હાલ ડચકાં ખાઈ રહ્યાં છે. હજારો રત્ન કલાકારોના સંતાનોની સ્કૂલ ફી સરકાર ભરવા તૈયાર થઈ છે. અડધો અડધ આપઘાતો આર્થિક સંકડામણને કારણે થઈ રહ્યા છે... સરકાર વિકાસનાં ચિત્ર પર રંગ પૂરી રહી છે પણ વિકાસનો એક્સ રે કંઈક જુદું કહી રહ્યું છે.

સુરત - પ્રેમ સુમેસરા

સાથ અને સહકાર વિના ચીનની બરોબરી શક્ય નથી

સંપૂર્ણ સામ્યવાદી વ્યવસ્થાને વરેલ ચીન એક સમયે આર્થિક રીતે ભારત કરતા પાછળ હતું પરંતુ સમય જતા એણે સામ્યવાદની જડતા છોડી આર્થિક ઉત્થાનને પ્રાધાન્ય આપી વિકાસન